પૂર્વછાયો- ચાલ્યા પછી ગઢડા થકી, સંઘ લઈને સુંદર શ્યામ ।
ભક્ત ભાવિક બોટાદમાં, રહ્યા રાત્ય એક એહ ઠામ ॥૧॥

ચોપાઇ- પછી ત્યાંથી ચાલ્યા સંઘસાથ, આવ્યા સુંદરીયાણે શ્રીનાથ।
જમી જન જીવન સધાવ્યા, જઈ વાગડ અણિયાળિ આવ્યા ॥૨॥
રહે જસકે રોજકે જન, દીધાં દયાળે તેને દર્શન ।
પછી રહ્યા કમિયાળે નાથ, જાણી જખમ જનનો હાથ ॥૩॥
જમી બોરુ રહ્યા ગળિયાણે, આવ્યા વરતાલમાં સંધ્યા ટાણે ।
દીધાં દાસને દર્શન દાન, નિરખ્યા જને ભાવે ભગવાન ॥૪॥
પછી જન બોલ્યા જોડી હાથ, ભલે આવ્યા અનાથના નાથ ।
બહુ દિનના હતા પિયાસી, દીધાં દર્શન આજ અવિનાશી ॥૫॥
એમ કહી બેઠા સન્મુખ, નાથ નિરખી નિગમ્યાં દુઃખ ।
જને રસોઇ કરાવી ભલી, જમ્યા તેમાંથી નાથ રોટલી ॥૬॥
પાસે હતા મુનિ બે મરાળ, આપ્યો અલબેલે તેને થાળ ।
પછી પોઢિયા પ્રાણજીવન, જાગ્યા બ્રાહ્મમુહૂર્તે ભગવન ॥૭॥
કરી દાતણ ને સ્નાન કીધાં, પછી દાસને દર્શન દીધાં ।
પછી શ્રીનારાયણની મૂર્તિ, જોઇ વખાણી છે વળી અતિ ॥૮॥
પછી વડોદરા થકી જન, આવ્યા હતા કરવા દર્શન ।
તેના સંઘમાં જઈને શ્યામ, દઇ દર્શન ને પુરી હામ ॥૯॥
પછી જને કરાવ્યાતા થાળ, જમ્યા દયા કરીને દયાળ ।
પછી શાલ દુશાલ અંગરખી, હાથે પહેરાવ્યાં હરિને હરખી ॥૧૦॥
ધૂપ દીપ ઉતારી આરતિ, પછી કરજોડી કરી વિનતિ ।
ભલે પ્રકટ્યા પ્રાણઆધાર, અમ જેવાનો કરવા ઉદ્ધાર ॥૧૧॥
આજ સુફળ થયો જનમ, મળ્યા પ્રગટ પુરુષોત્તમ ।
હવે છીએ તમારા હો નાથ, કુળ કુટુંબ અમે સહુ સાથ ॥૧૨॥
પછી નાથ કહે નિર્ભય રહીએ, છો અમારાં ઝાઝું શું કહીએ ।
કહી એટલું ચાલિયા નાથ, ગયા ચોતરે સહુ જનસાથ ॥૧૩॥
તિયાં કર્યા ઉત્તર પ્રશન, સુણી સહુ જન થયા મગન ।
એવી વાત કરી અવિનાશે, સુણી અતિ હેતે કરી દાસે ॥૧૪॥
એવી વાત થાય નિત્ય નિત્ય, સાંભળે જન દઈ મનચિત્ત ।

સારા સુંદર વરષમાંય, કાર્તિકસુદિ દ્વાદશી કહેવાય ॥૧૫॥
તેદિ મુહૂર્ત જોઈ શુભ અતિ, સ્થાપી શ્રીનારાયણની મૂરતિ ।
વેદ વિધિ કરી વિપ્રજને, પધરાવ્યા પ્રભુ શુભ દને ॥૧૬॥
લક્ષ્મીનારાયણ સુખદાય, સ્થાપ્યા મધ્યના મંદિરમાંય ।
ભક્તિ ધર્મ પોતાનું સ્વરૂપ, સ્થાપ્યું ઉત્તર ડેરે અનૂપ ॥૧૭॥
રાધા ને વૃંદાવનવિહારી, પાસે પોતાની મૂરતિ સારી ।
કર્યો દક્ષિણ ડેરામાં સ્થાપ, નિજજનના ટાળવા તાપ ॥૧૮॥
તીયાં વરત્યો છે જયજયકાર, ધન્ય ધન્ય બોલે નરનાર ।
પછી જમાડિયા વિપ્રજન, આપ્યાં મનવાંછિત ભોજન ॥૧૯॥
દીધિ દક્ષિણા વસ્ત્ર રૂપૈયા, તેણે વિપ્ર રાજી મન થયા ।
પછી પાંચ દિવસ પોતે રહ્યા, ત્યાંથી વસોએ વાલો આવિયા ॥૨૦॥
વસે વસોમાંહિ જન ઘણાં, સર્વે પ્યાસી પ્રભુદર્શનતણાં ।
તેને ઘરો ઘર જઈ નાથ, દઈ દર્શન કર્યા સનાથ ॥૨૧॥
પછી સંગે હતા મુનિજન, તેને કાજે કર્યાતાં ભોજન ।
તેતો પિરસિયાં પોતે વળી, જમાડી સહુ સંત મંડળી ॥૨૨॥
પછી ઘોડે થયા અસવાર, કર્યો મુનિને નમસ્કાર ।
મુનિ રહેજ્યો આનંદમાં તમે, મળશું વેલા વેલા વળી અમે ॥૨૩॥
એમ કહી ચાલ્યા ભગવાન, સર્વે સંત થયા શોકવાન ।
અહો બહુદિન રાખ્યા સાથ, આજ ગયા વિજોગીને નાથ ॥૨૪॥
અહો નિત્યે થાતાં દર્શન, એક હતા એવા પણ દન ।
આજ મૂકીને ચાલ્યા મોહન, હવે ક્યારે થાશે દર્શન ॥૨૫॥
એમ કહી અકળાણા અતિ, પછી અંતરે ધારી મૂરતિ ।
થયા સચેત સહુ મુનેશ, ગયા ફરવા દેશપ્રદેશ ॥૨૬॥
તેદિ જમતા પાનબીડી નાથ, તે જમાડતો હું મારે હાથ ।
ત્યાંથી આવ્યા વટામણ ગામ, રહ્યા રાત ત્યાં સુંદરશ્યામ ॥૨૭॥
જમી જાખડેથી કમિયાળે, દીધાં દર્શન જનને દયાળે ।
રહી રાત ચાલ્યા ત્યાંથી નાથ, લઈ મુક્તાનંદજીને સાથ ॥૨૮॥

ગાંફ ખરડ્ય ઝિઝર રહ્યા જાણી, ત્યાંથી કુંડળ ને કારીયાણી ।
પછી આવ્યા ગઢડે મહારાજ, કરી અલબેલો એહ કાજ ॥૨૯॥
તિયાં રહ્યા રાજી થઈ આપે, દિયે દર્શન ને દુઃખ કાપે ।
જન જમાડે પ્રભુને પ્રીત્યે, જમે પાનબીડી પોતે નિત્યે ॥૩૦॥
જમ્યા પાન દિન પંચવિશ, પછી ન જમીયા જગદીશ ।
ત્યાર પછી રહ્યા દિન દશ, લિધા અભાગિયે અપજશ ॥૩૧॥
પછી દુષ્ટની દુષ્ટતા જાણી, પ્રભુ પધારિયા કારિયાણી ।
તિયાં રહ્યા દન દોયચાર, પછી આવ્યા ગઢડા મોઝાર ॥૩૨॥
ગઢડામાં રહે ઘણું ઘણું, ધન્ય ભાગ્ય એ ભૂમિકાતણું ।
એક રહી ગઈ વાત અનૂપ, સુણ્યા સરખી છે સુખરૂપ ॥૩૩॥
આગે આવ્યાંતાં અયોધ્યાવાસી, તેની વાત મેં નોતિ પ્રકાશી ।
તેહ હવે કહું છું વિસ્તારી, સુણી સુખ પામે નરનારી ॥૩૪॥
અનુક્રમે મળી કે ન મળી, પણ કહેવી છે વાત સઘળી ।
રામપ્રતાપ ને ઈચ્છારામ, તેતો રહ્યા હતા નિજધામ ॥૩૫॥
તિયાં સંતે વાત જઈ કરી, તમારે ઘેરે પ્રકટ્યા હરિ ।
કહી એંધાણી સહિત વાત, આવી પ્રતીતિ થયા રળિયાત ॥૩૬॥
એવું સુણી ચાલ્યાં તતકાળ, વૃધ્ધ જોબન ને નાનાં બાળ ।
સંગે લઈ અશ્વ ને પાલખી, આવ્યાં સહજમાં ન થયાં દુઃખી ॥૩૭॥
પશ્ચિમ ખંડમાં પંચાળ દેશ, જીયાં હરિ વિચરે હમેશ ।
કાજુ ગામ વરતાલ જાણી, પોતે હતા ત્યાં સારંગપાણી ॥૩૮॥
તિયાં આવ્યાં અયોધ્યાનાં વાસી, સામા જઈ મળ્યા અવિનાશી ।
કાર્તિક માસ શુદી ચતુરથી, તેદિ આવ્યાં અયોધ્યાપુરથી ॥૩૯॥
આવ્યાં અયોધ્યાવાસી એ દન, કર્યાં મહારાજનાં દરશન ।
મળી લળી લાગ્યાં સહુ પાય, ચાલ્યાં નીર તે નયણમાંય ॥૪૦॥
કરી રુદન ચરણ ન મૂકે, આંખ્યમાંહિથી આંસુ ન સૂકે ।
હેતે હિબસે વિયોગ દુઃખે, ભાંગ્યા અક્ષર બોલે છે મુખે ॥૪૧॥
હે મહારાજ આવું કેમ કીધું, ચાલ્યા ફરીને દર્શન ન દીધું ।

જેમ દર્શન ન દીધું દયાળ, તેમ પાછી ન લિધી સંભાળ ॥૪૨॥
શિયો વાંક અમારો હો નાથ, ચાલ્યા અમને કરી અનાથ ।
વાલા તમે અમને વિસાર્યાં, અમે વિલખિ વિલખિ હાર્યાં ॥૪૩॥
તમે ચાલ્યા ત્યાંથી જગદીશ, તેને વર્ષ થયાં અઠ્યાવિશ ।
તેમાં એક સંદેશો ન કહાવ્યો, એવડો શિયો અભાવ આવ્યો ॥૪૪॥
હશે વાંક વાલાજી અમારો, એમાં દોષ નથી જો તમારો ।
હશે અપરાધ અમારા નાથ, જોશો માં એમ કહી જોડ્યા હાથ ॥૪૫॥
નાથ કહે નથી દોષ તમારો, છે સ્વભાવ એવો જ અમારો ।
જીયાં રહીએ તિયાં હળિમળિ, વિસાર્યા ન સંભારીએ વળી ॥૪૬॥
હોય હરિમાંહિ હેત જેને, અમે નિત્ય સંભારું છું તેને ।
બીજાં સાથે છે થોડેરું હેત, એમ બોલ્યા કરુણાનિકેત ॥૪૭॥
જેમ હતું પોતાનું વર્તન, તેમ જણાવી દીધું જીવન ।
એમ મળ્યા સંબંધિને શ્યામ, પામ્યા અયોધ્યાવાસી આરામ ॥૪૮॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય
નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીહરિચરિત્રે
શ્રીલક્ષ્મીનારાયણદેવની પ્રતિષ્ઠા કરી એ નામે નેવુંમું પ્રકરણમ્ ॥૯૦